
# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૨



સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણાં નથી; મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ જેને ઠેકાણાં નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના તેને ઠેકાણાં હોય તેમ બને નહીં.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ ઘોર સંસાર મહાર્ણવનું આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે; તેથી હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ(—પારમાર્થિક રીતે) ભાવું છું. ૧૩૦૯.

*(શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર—ટીકા, શ્લોક—૧૪૪)*

✻ ઈન્દ્રિયોનો ઉપવાસ અર્થાત્ તેને વિષયોમાં ન જવા દેવી તથા મનને પોતાના આત્મસ્વરૂપમાં જોડવું તેને મુનીન્દ્રોએ ઉપવાસ કહ્યો છે. એટલા માટે જિતેન્દ્રિયપુરુષને આહાર કરતો છતાં પણ ઉપવાસસહિત જ કહ્યો છે. ૧૩૧૦.

*(સ્વામિ કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા—૪૩૭)*

✻ પોતાના આત્માના જ્ઞાન, ધ્યાન તથા અધ્યયનથી ઉત્પન્ન થવાવાળું સુખ અમૃતસમાન છે. આત્માથી ઉત્પન્ન થવાવાળું આ જ્ઞાન ધ્યાનરૂપી સુખામૃત એક અપૂર્વ રસાયણ સમાન છે. આ આત્મજન્ય સુખામૃતરૂપી રસાયણને છોડીને, જે જીવ ઈન્દ્રિયજન્ય સુખોમાં લીન રહે છે તે બહિરાત્મા છે. ૧૩૧૧.

*(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા—૧૩૨)*

✻ પાપકર્મકે ઉદયસે મનુષ્ય બંધુ-બાંધવોંકે મધ્યમેં રહતે હુએ ભી દુઃખ ભોગતા હૈ ઔર પુણ્યકર્મકે ઉદયસે શત્રુકે ઘરમેં રહકર ભી સુખ ભોગતા હૈ. જબ પુરુષકા ભાગ્યોદય હોતા હૈ તો વજ્રપાત ભી ફૂલ બન જાતા હૈ ઔર ભાગ્યકે અભાવમેં ફૂલ ભી વજ્રસે કઠોર હો જાતા હૈં. ૧૩૧૩.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક—૩૫૨-૩૫૩)*

✻ "મને જ્ઞાનવંતને એ વિષયાશારૂપ શત્રુ કાંઈ પણ કરી શકે એમ નથી." એ પ્રકારના જ્ઞાનમદથી ઉન્મત્ત થઈ એ આશારૂપ શત્રુથી જરા પણ ઉપેક્ષિત રહેવું યોગ્ય નથી. ત્રણ લોક જેણે વશ કરી રાખ્યો છે એવા એ આશારૂપ શત્રુને અલ્પ ગણવો યોગ્ય નથી. ત્રણ જગતનો મહાભયંકર અને અદ્વિતીય વેરી એ જ છે. તેને તો સમ્યક્ પ્રકારે વિચાર વિચારીને મૂળથી સર્વથા ક્ષીણ કરવો જોઈએ. જુઓ અનંત અને અગાધ સમુદ્રમાં રહેલો વડવાગ્નિ મહાન સમુદ્રને પણ બાધા ઉપજાવે છે અર્થાત્ શોષણ કરે છે, તેમ નાની સરખી વિષયાશા આત્માના અગાધ જ્ઞાનસમુદ્રને મલિન કરે છે, આવરણ કરે છે. તેનાથી તો નિરંતર સાવચેત રહેવું જોઈએ. વળી જગતમાં પણ જોવામાં આવે છે કે શત્રુએ જેને દબાવી રાખ્યો છે, તેને શાંતિ ક્યાંથી હોય? ૧૩૧૪.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક—૨૩૦)*

વર્ષ-૭
અંક-૪




સંવત
૨૦૬૯
December
A.D. 2012

# નવરસનું પરમાર્થ સ્વરૂપ

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૮, પૂર્વાર્ધ)

આ, શ્રી સમયસાર નાટકનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. તેમાં બનારસીદાસજી ગ્રંથકર્તા શ્રી કુંદકુંદાચાર્યની મહિમા કરે છે.

‘ગ્રંથકર્તાનું નામ અને ગ્રંથનો મહિમા’

**कुंदकुंद मुनिराज प्रवीना।**
**तिन्हैं यह ग्रंथ इहालौं कीना।।**
**गाथा बद्ध सुप्राकृत वानी।**
**गुरुपरंपरा रीति बखानी।।१३०।।**
**भयौ गिरंथ जगत विख्याता।**
**सुनत महासुख पावहि ग्याता।।**
**जे नवरस जगमांहि बखानै।**
**ते सह समयसार रस सानै।।१३१।।**

અર્થ :—આધ્યાત્મિકવિદ્યામાં કુશળ સ્વામી કુંદકુંદ મુનિરાજે આ ગ્રંથ અહીં સુધી રચ્યો છે અને તે ગુરુપરંપરાના કથન અનુસાર પ્રાકૃતભાષામાં ગાથાબદ્ધ કથન કર્યું છે. આ ગ્રંથ જગતપ્રસિદ્ધ છે, એને સાંભળી જ્ઞાનીઓ પરમાનંદ પ્રાપ્ત કરે છે. લોકોમાં જે નવરસ પ્રસિદ્ધ છે તે બધા આ સમયસારના રસમાં સમાયેલા છે.

બનારસીદાસ કહે છે કે સ્વામી કુંદકુંદ મુનિરાજ અધ્યાત્મવિદ્યામાં કુશળ છે. માંગલિકમાં પણ કુંદકુંદ આચાર્યનું નામ ત્રીજા નંબરે આવે છે. આ કુંદકુંદ આચાર્યદેવે આ

સમયસારમાં ગાથાબદ્ધ ગુરુપરંપરા અનુસાર કથન કર્યું છે. અનાદિકાળથી જે સત્‌માર્ગ છે તેની પ્રસિદ્ધિ પ્રથમ કુંદકુંદ આચાર્યે અને પછી પરંપરા અમૃતચંદ્રઆચાર્યદેવે કરી છે. તેનાથી આ ગ્રંથ જગતમાં વિખ્યાત થઈ ગયો છે. सुनत महासुख पावहि ज्ञाता આ સમયસારમાં 'આત્મા અભેદ શુદ્ધ ચૈતન્ય છે' એવી દૃષ્ટિ બતાવી હોવાથી તેને સાંભળીને અભેદસ્વરૂપની દૃષ્ટિ કરનારા જીવોને આનંદની પ્રાપ્તિ થાય છે.

સમયસારમાં એમ કહ્યું છે કે હે ભાઈ! તું તો પરમ-પવિત્ર આનંદનું ધામ છો, જ્ઞાતા-દૃષ્ટા છો, નિર્વિકલ્પ છો તો એવા આત્માનો અનુભવ કરનારા જ્ઞાતા-દૃષ્ટા જીવોને આનંદની પ્રાપ્તિ થાય છે. આગળના પદ્યમાં શુદ્ધાત્માને જગતચક્ષુ કહ્યો છે. સમયસારસ્વરૂપ શુદ્ધાત્મા જગતના સર્વ પદાર્થોને દેખવા માટે નેત્રરૂપ હોવાથી જગતચક્ષુ છે, આનંદમય જ્ઞાનચેતનાસ્વરૂપ છે.

નવસો વર્ષ પહેલાં થઈ ગયેલાં ટીકાકાર અમૃતચંદ્ર આચાર્યદેવ કહે છે કે આ સમયસાર તો 'અપૂર્વ ગ્રંથ' છે, જગતની ચક્ષુ છે. બનારસીદાસ કહે છે કે સમયસાર સાંભળતાં અંતરના કપાટ ખૂલી જાય છે. 'નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ' ૧૨મા પાને પંદરમા પદ્યમાં આ કહ્યું છે કે આ ગ્રંથ સાંભળવાથી હૃદયના કપાટ ખૂલી જાય છે. આખો આત્મા કબજે થઈ જાય છે. દૃષ્ટિનો વિષય જે 'ધ્રુવ' છે તે સમયસારમાં બતાવ્યો છે તેથી જેને તે દૃષ્ટિનો વિષય ગ્રહણ થઈ જાય છે તેના હૃદયના દ્વાર ખૂલી જાય છે ને આનંદ આવે છે. અનાદિથી રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિ હતી તે તૂટી જાય છે. જે કરવાનું હતું તે થઈ ગયું. આનંદનું સ્થાન એવો સ્વભાવ અને દુઃખરૂપ એવો રાગ બંને ભિન્ન છે તે ભિન્ન થઈ જાય છે. આસ્રવ અધિકારમાં આખા સમયસારનો સાર એ કહ્યો કે શુદ્ધનયના ત્યાગથી બંધ છે અને શુદ્ધનયના ગ્રહણથી મોક્ષ છે. શુદ્ધ અખંડ આનંદમૂર્તિ આત્મા જ શુદ્ધનયનો વિષય છે અને તેનો અનુભવ કરવો તે જ મોક્ષ છે. શુદ્ધનયની દૃષ્ટિ છોડવી તે સંસાર છે.

ભગવાન! અનંતગુણનો સમાજ એવો તારો આત્મા રાગાદિ અને અલ્પજ્ઞતાથી ભિન્ન છે. એક સમયની પર્યાય, રાગ અને નિમિત્ત આ ત્રણેથી ભિન્ન અંતરમાં આત્માનો અનુભવ કરતાં હૃદયના કપાટ ખૂલી જાય છે. ઘણી ગંભીરતાથી આ કથન આવ્યું છે. 'સુનત મહાસુખ પાવહિ ગ્યાતા'....આત્માનો સ્વભાવ જાણનાર-દેખનાર છે એ જ સમયસારને બતાવવું હતું. તો એવી જેણે દૃષ્ટિ કરીને અનુભવ કર્યો તે જ્ઞાતા મહાસુખને પામે છે, પરમાનંદને પ્રાપ્ત કરે છે.

**હે ભાઈ! તું તો પરમ-પવિત્ર આનંદનું ધામ છો.**

જે નવ રસ....જગતમાં જે નવ પ્રકારના રસ કહેવાય છે તે બધા સમયસારના શાંતરસમાં સમાય જાય છે. પોતાના જ્ઞાનમાં એકમેક થઈ જવું તેનું નામ રસ છે. બહુ અલૌકિક વાત છે. પર્યાયદૃષ્ટિ અને રાગદૃષ્ટિ છોડીને ત્રિકાળ જ્ઞાયકભાવની દૃષ્ટિ અને અનુભવ કરતાં શાંતરસ પ્રગટ થાય છે. તે શાંતરસમાં નવરસ ગર્ભિત છે.

**प्रगटरूप संसारमैं नवरस नाटक होइ।**
**नवरस गर्भित ग्यानमय, विरला जानै कोई।।१३२।।**

અર્થ :—સંસારમાં પ્રસિદ્ધ છે કે નાટક નવરસ સહિત હોય છે પણ જ્ઞાનમાં નવેય રસ ગર્ભિત છે એ વાત કોઈ વિરલા જ જાણે છે.

પોતાના ભગવાન આત્માનું જ્ઞાન થાય તે શાંતરસ છે અને તે શાંતરસમાં બધાં રસ સમાઈ જાય છે. આ વાત કોઈ વિરલા જીવો જ જાણે છે.

ભાવાર્થ :—નવરસોમાં બધાનો નાયક શાંતરસ છે અને શાંતરસ જ્ઞાનમાં છે. તેથી જ્ઞાનમાં નવેય રસ સમાય જાય છે.

હવે નવરસના નામ કહે છે.

**प्रथम सिंगार वीर दूजो रस,**
**तीजौ रस करुना सुखदायक।**
**हास्य चतुर्थ रुद्र रस पंचम,**
**छट्ठम रस बीभत्स विभायक।**
**सप्तम भय अट्ठम रस अद्भुत,**
**नवमो शांतरसनिको नायक।**
**ए नव रस एइ नव नाटक,**
**जो जहं मगन सोई तिहि लायक।।१३३।।**

અર્થ :—પહેલો શૃંગાર, બીજો વીરરસ, ત્રીજો સુખદાયક કરુણારસ, ચોથો હાસ્ય, પાંચમો રૌદ્રરસ, છઠ્ઠો ઘૃણાસ્પદ બીભત્સ રસ, સાતમો ભયાનક, આઠમો અદ્‌ભુત અને નવમો સર્વરસોનો શિરતાજ શાંતરસ છે. આ નવરસ છે અને તે જ નાટકરૂપ છે. જે જે રસમાં મગ્ન થાય તેને તે જ રુચિકર લાગે છે.

**પોતાના ભગવાન આત્માનું જ્ઞાન થાય તે શાંતરસ છે.**

આ નવરસમાંથી જે જીવ જે રસમેં મગ્ન હોય તે તેમાં જ મગ્ન હોય છે. જેને સ્વભાવ રુચે છે તેને તેમાં જ બધો રસ લાગે છે તેથી તેમાં જ મગ્ન રહે છે અને જેને રાગનો રસ છે તે રાગમાં જ મગ્ન રહે છે.

सोभामैं सिंगार बसै वीर पुरुषारथमैं,
कोमल हिएमैं करुना रस बखानिये।
आनंदमैं हास्य रुंड मुंडमैं विराजै रुद्र,
बीभत्स तहां जहां गिलानी मन आनिये।।
चिंतामैं भयानक अथाहतामैं अद्‌भूत,
मायाकी अरुचि तामैं शांत रस मानिये।
एई नव रस भवरूप एइ भावरूप,
इनिकौ विलेछिन सुद्रिष्टि जागै जानिये।।१३४।।

અર્થ :—આ તો નવરસના લૌકિક સ્થાન કહ્યાં છે એટલે શોભામાં—સારા ને વ્યવસ્થિત કપડાં પહેર્યાં હોય તેમાં અત્તર છાંટ્યું હોય તો અજ્ઞાનીને શોભા લાગે છે એ તેનો શૃંગારરસ છે.

વીરપણું તો પુરુષાર્થમાં હોય છે. જેનું હૃદય કોમળ હોય તેના હૃદયમાં કરુણા વસે છે. આનંદ કરતો હોય તેને હાસ્યરસ આવે છે. એ એમ માને છે કે ખૂબ હસીયે તો શરીર નીરોગ રહે છે. તેને ખબર નથી કે હાસ્યમાં તો પાપ છે. વિષય-ભોગ આદિમાં આનંદ માની હાસ્ય કરે છે તેને પાપ બંધાય છે.

રણસંગ્રામમાં રુદ્રરસ વિશેષ હોય છે. એકલું પાપ-બીભત્સ રસ એટલે જેમાં ગ્લાનિ ઊપજે છે. પ્રાણીઓના સડેલાં શરીર આદિ જોઈને ગ્લાનિ ઉપજે છે, દુગંછા થાય છે તે બીભત્સરસનો પ્રકાર છે. ચિંતામાં ભયાનકરસ વેદાય છે. હું એકલો રહી ગયો, મારું શું થશે, પેલાનું શું થશે વગેરે પ્રકારનો ભય રહ્યા કરવો તે ભયાનક રસ છે. ત્યાં અદ્‌ભુતતા લાગે છે. શું એનું રૂપ! શું એની વાણી! એમ તેની મહિમામાં લીન થઈ જાય છે.

मायाकी अरुचि तामैं शांतरस मानिये। માયા એટલે પુણ્ય-પાપની માયામાં જેને અરુચિ છે અને પોતાના આત્માના આનંદમાં રુચિ છે ત્યાં શાંતરસ રહેલો છે. તે જ સાચો રસ છે. (જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૨ ઉપર)

**પોતાના આત્માના આનંદમાં રુચિ છે ત્યાં શાંતરસ રહેલો છે.**

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## અસંકુચિતવિકાસત્વ શક્તિ

( क्षेत्रकालानवच्छिन्नचिद्विलासात्मिका असंकुचितविकासत्वशक्तिः।)

જ્ઞાનસ્વરૂપ આત્મામાં 'અસંકુચિત–વિકાસત્વ' શક્તિ છે; એટલે એના ચૈતન્યનો વિલાસ સંકોચ વગર વિકાસ પામે—એવો એનો સ્વભાવ છે. ચૈતન્યવિલાસમાં એવો સંકોચ નથી કે આટલા ક્ષેત્રને જ જાણે અથવા આટલા મર્યાદિત કાળને જ જાણે; એનો વિકાસ તો અમર્યાદિત છે, એને કોઈ કાળની કે ક્ષેત્રની મર્યાદા નથી; અમર્યાદિત કાળને અમર્યાદિત ક્ષેત્રને જાણી લેવાની એની તાકાત છે. આવો ચૈતન્યનો વિલાસ છે, સંકોચ વગરનો એનો વિકાસ છે.

આત્મા અનંતશક્તિસંપન્ન છે; તે બધી શક્તિઓનું ક્ષેત્ર એક છે, કાળ સરખો છે, દ્રવ્ય પણ એક છે ને ભાવમાં ભિન્નતા છે. ભિન્નભિન્ન લક્ષણવાળી અનંતશક્તિ જ્ઞાનમાત્ર આત્મામાં એકસાથે રહેલી છે. તેમાંથી આ તેરમી શક્તિનું વર્ણન ચાલે છે.

આત્મા ઘણું-ઘણું જાણે તો તેની જાણવાની શક્તિ ખૂટી જાય ખરી? તો કહે છે ના; જાણવાના સ્વભાવમાં કદી સંકોચ નથી; અથવા કેવળજ્ઞાનરૂપે જ્ઞાનનો જે અમર્યાદિત વિકાસ થયો તે હવે કદી સંકોચાશે નહિ; કેવળજ્ઞાનરૂપી કમળ ખીલ્યું તે કદી બીડાશે નહીં. સંકોચ વગરનો વિકાસ થાય એટલે કે પૂરો વિકાસ થાય ને ફરીને કદી બીડાય નહીં એવો આત્માનો સ્વભાવ છે. કોઈ ક્ષેત્ર કે કાળ ચૈતન્યના વિલાસને સંકોચી નાંખે—એમ નથી.

ધર્મી જાણે છે કે ચૈતન્યનો વિલાસ પૂરો થાય એવો મારો સ્વભાવ છે; અલ્પતા રહે કે સંકોચ રહે તે મારો સ્વભાવ નથી. અનાદિ અનંત કાળ કે જેનો ક્યાંય અંત નથી તથા અમર્યાદિત આકાશ કે જેના વિસ્તારની કોઈ મર્યાદા નથી, એને પણ પહોંચી વળે એટલે કે પ્રત્યક્ષ જાણી લ્યે એવી અમર્યાદિત તાકાત ચૈતન્યના વિલાસમાં છે. લોકો બહારના પદાર્થોમાં વિલાસ (આનંદ) માને છે, પણ ભાઈ! તારા ચૈતન્યના અદ્‌ભુત વિલાસને તો જો....તેમાં જ પરમ આનંદ છે. તારા જ્ઞાનના વિલાસનું આ ચમત્કારિક સામર્થ્ય છે તેને

**કેવળજ્ઞાનરૂપે જ્ઞાનનો જે અમર્યાદિત વિકાસ થયો તે હવે કદી સંકોચાશે નહિ.**

લક્ષમાં તો લે. તેના લક્ષે તારી પર્યાય પૂર્ણપણે વિકસી જશે એટલે કે કેવળજ્ઞાન થશે.

જ્ઞાનાવરણીયકર્મ આત્માના જ્ઞાનને રોકે એ વાત તો દૂર રહી અને પોતાના કારણે જ્ઞાનમાં હીનતા કે સંકોચ રહે–તે પણ આત્માનો સ્વભાવ નથી; આત્માનો સ્વભાવ તો પરિપૂર્ણ વિકસવાનો છે. શક્તિમાં હીનતાનો અભાવ છે ને હીનતાનો અભાવ હોવાથી તેના નિમિત્તરૂપ કર્મનો પણ અભાવ છે. આત્માના દ્રવ્યમાં કે ગુણમાં એવો સ્વભાવ નથી કે પર્યાય હીણી થાય. હીણી પર્યાય થાય તે પર્યાયનો અપરાધ છે પણ શક્તિમાં હીનતા નથી ને હીનતા તે શક્તિનું કાર્ય નથી. સંકોચાઈને રહેવાનો આત્માની શક્તિનો સ્વભાવ નથી પણ પૂર્ણપણે વિકસવાનો આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવની સન્મુખ થતાં પર્યાયમાં હીનતા રહેતી નથી, શક્તિના અવલંબને તે પૂર્ણપણે વિકસી જાય છે.

જ્ઞાનનો વિકાસ થયો તે કોઈ બહારના કારણોથી થયો નથી પણ પૂર્ણ વિકસવાનો આત્માનો સ્વભાવ છે તેના જ આધારે જ્ઞાનનો વિકાસ થયો છે. વિકાસ થવાનો પોતાનો ગુણ છે; સમવસરણાદિ સંયોગ હોય તો વિકાસ થાય–એવી સંયોગની અપેક્ષા તેને નથી. પરની અપેક્ષા વગર પોતે પોતાના સ્વભાવથી જ વિકાસ થવાનો આત્માનો સ્વભાવ છે. ભાઈ! આ તારા સ્વઘરની વાત છે. તારા નિજવૈભવનું વર્ણન છે. પરમાત્માના ઘરમાં પ્રવેશવાની આ વાત છે. પરમાત્માના ઘર તેં કદી જોયાં નથી, પરમાત્માના ઘરનો આ વૈભવ તારામાં ભર્યો છે, તે તને બતાવીએ છીએ. તેને દેખતાં જ તારી દીનતા ટળી જશે ને ભવના નિવેડા આવી જશે. દેખ તો ખરો, તારા આત્મવૈભવને!

ચૈતન્યવિલાસ ક્ષેત્રથી અમર્યાદિત છે,—આનો અર્થ એમ નથી કે આત્માનું ક્ષેત્ર અમર્યાદિત છે; ક્ષેત્ર તો અસંખ્યપ્રદેશી મર્યાદિત છે, પણ તેમાં અમર્યાદિતક્ષેત્રને જાણવાની તાકાત છે; જાણવાના સામર્થ્યને ક્ષેત્રની મર્યાદા નથી કે આટલા ક્ષેત્રમાં હોય તેને જ જાણી શકે. અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં રહીને અનંત-અમર્યાદિત ક્ષેત્રને જાણી લ્યે એવો ચૈતન્યનો વિલાસ છે; તેના વિકાસમાં કોઈ સંકોચ નથી.

હે જીવ! તું સ્વશક્તિનો વિશ્વાસ કરીને શ્રદ્ધાનો ટંકાર કર કે મારામાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે—આવો વિશ્વાસ કરે ત્યાં રાગનું સ્વામિત્વ રહે નહિ. આત્મદ્રવ્ય સર્વજ્ઞસ્વભાવી છે–એ વાત ૧૬૦મી ગાથામાં કરી છે. આત્માના સર્વ ગુણોમાં પૂર્ણ વિકસવાની તાકાત છે; પૂર્ણ વિકાસ પ્રગટે એવું શક્તિનું કાર્ય છે. ચૈતન્યનો વિલાસ એવો છે કે પોતાના સ્વભાવથી પૂર્ણ વિકસે. અવિચલિત ચેતનાવિલાસ તે જ આત્માનો વ્યવહાર છે;

**જ્ઞાનનો પૂર્ણ વિકસવાનો આત્માનો સ્વભાવ છે.**

'હું મનુષ્ય છું' એવા મનુષ્યપણારૂપ વ્યવહાર તે આત્માનો વ્યવહાર નથી, તે તો મોહનો વ્યવહાર છે, અજ્ઞાનીનો વ્યવહાર છે, મિથ્યાદૃષ્ટિ તે વ્યવહારને પોતાનો માને છે. 'હું મનુષ્ય છું, હું રાગી છું' એવી મોહબુદ્ધિથી મિથ્યાદૃષ્ટિ વર્તે છે. 'હું ચૈતન્ય છું' એમ ધર્મીજીવ તો શુદ્ધચેતનાપરિણતિના વિલાસને જ પોતાનો વ્યવહાર જાણે છે. રાગાદિ ભાવો તે ખરો આત્મવ્યવહાર નથી. એ વાત પ્રવચનસારની ૯૩મી ગાથામાં આચાર્યદેવે સમજાવી છે.

સમ્યગ્દર્શનમાં જેનો સ્વીકાર છે તે શુદ્ધાત્મા કેવો છે? કે રાગ વગરનો છે, સંકોચ વગરનો છે, પૂર્ણ ચૈતન્યવિલાસથી ભરપૂર છે. શક્તિમાં છે તો પર્યાયમાં આવે છે. કારણ વગર કાર્ય હોય નહીં. પર્યાયમાં જે ચૈતન્યવિલાસરૂપ કાર્ય પ્રગટે છે તેના કારણરૂપ સ્વભાવ આત્માની શક્તિમાં ભર્યો છે; તે સ્વભાવનો સ્વીકાર કરતાં સંકોચરહિત વિકાસ પ્રગટે છે, તેને કોઈ ક્ષેત્રની કે કાળની મર્યાદા નડતી નથી. જેમ સોનાના મુગટમાં મણિ શોભે તેમ સમયસારરૂપી સુવર્ણ–મુગુટમાં આ ૪૭ શક્તિરૂપી મણિ શોભે છે.

અહા, વિકસતો ચૈતન્યવિલાસ! એને કોણ રોકી શકે? ચૈતન્યના માહાત્મ્યમાં ચડ્યો તેના વિકાસને કોઈ રોકી શકે નહીં. સ્વર્ગમાં કે સાતમી નરકમાં પણ નવું સમ્યગ્દર્શન પ્રગટ કરનારા જીવો છે. પરના ક્ષેત્રને કે કાળને સ્પર્શ્યા વગર, સ્વશક્તિના સ્પર્શનથી આત્મા સ્વયં વિકાસ પામે છે. આવા સ્વભાવને લક્ષમાં લઈને તેનું વેદન કરતાં આત્મા અંદરમાં આનંદથી ઊછળી જાય. રે જીવ! તું ભિખારી નથી, તું પામર નથી, તું દીન નથી, તું અધૂરો નથી, તું તો પ્રભુતાનો સ્વામી છો, તારામાં પરમેશ્વરતા ભરી છે, સર્વશક્તિથી તું પૂરો છો; આવા આત્માની શ્રદ્ધા કર. શ્રદ્ધાનું બળ અપાર છે. તારા દ્રવ્યસ્વભાવની અચિંત્ય તાકાત છે તેની પ્રતીતિ વડે સમ્યગ્દર્શન થશે ને પરમાત્મપદનો વિકાસ ખીલશે.

કેવો આત્મા જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવે ત્યારે આત્માને જાણ્યો કહેવાય? તેનું આ વર્ણન છે. જેવડો મહાન પદાર્થ છે તેવડો જ્ઞાનમાં આવ્યા વગર તેનું સાચું જ્ઞાન થાય નહીં. નિર્મળપર્યાય પ્રગટે છે તે કાર્ય છે, તે કાર્યનું કારણ કોણ? એટલે કે જેમાંથી નિર્મળ પર્યાયો પ્રગટે છે તે દ્રવ્ય-ગુણ કેવા છે?—એમ કાર્ય સહિત કારણને જે પ્રતીતમાં લ્યે તેને સમ્યગ્દર્શન થાય ને તેને કારણઅનુસાર કાર્ય પ્રગટે એટલે કે દ્રવ્ય-ગુણ જેવા શુદ્ધ છે તેવી શુદ્ધતા પર્યાયમાં પ્રગટે—આવા દ્રવ્ય-ગુણ-પર્યાયવાળા આત્માને અહીં શુદ્ધાત્મા કહેવામાં આવે છે. તેનું આ વર્ણન છે.

જે ક્ષેત્રમાં સિદ્ધ ભગવંતો પૂર્ણ ચૈતન્યવિલાસ સહિત બિરાજે છે, તે ક્ષેત્રમાં નિગોદના જીવો પણ વસે છે, તે નિગોદની પર્યાય અત્યંત સંકોચરૂપ છે. ક્ષેત્ર તેમાં કાંઈ

સ્વભાવને લક્ષમાં લઈને તેનું વેદન કરતાં આત્મા અંદરમાં આનંદથી ઊછળી જાય.

કરતું નથી. જે ક્ષેત્રે સિદ્ધ ભગવંત પરમ આનંદરૂપ નિજશક્તિના વિલાસને અનુભવે છે, તે જ ક્ષેત્રે નિગોદના જીવો મહા દુઃખનું વેદન કરી રહ્યા છે. એટલે બહારનું ક્ષેત્ર આત્માના વિકાસને રોકતું નથી કે વિકાસમાં મદદ પણ કરતું નથી. નિગોદ વગેરે જીવોની પર્યાય ભલે સંકોચરૂપ છે, છતાં તેનામાં પણ અસંકોચપણે વિકાસ પામે એવી શક્તિ તો છે. આત્માની ચેતનાશક્તિમાં એવા વિલાસની તાકાત છે કે ક્ષેત્ર કે કાળનું જ્ઞાન કરવામાં તેને કોઈ મર્યાદા નથી, ત્રણ લોક ને ત્રણ કાળને જાણવાનું અમર્યાદ સામર્થ્ય એનામાં છે. આવી શક્તિવાળા આત્માને એક સંકુચિત પર્યાય જેટલો જ માની લેવો તે તો પર્યાયબુદ્ધિ છે. સંકુચિતબુદ્ધિ છે; સંકુચિત જ માન્યો તો તે વિકાસ ક્યાંથી લાવશે? સંકોચ તે કાંઈ દ્રવ્ય-ગુણનું કાર્ય નથી. દ્રવ્ય-ગુણમાં તો અસંકુચિત-વિકાસનો સ્વભાવ છે. આવા સ્વભાવની પ્રતીતિવાળાને પર્યાયમાં સંકોચ ટળીને વિકાસ થયા વગર રહે નહિ. જેને પોતામાં એકલી અશુદ્ધતા ને સંકોચ જ ભાસે છે તેણે આત્માના દ્રવ્ય-ગુણને જાણ્યા જ નથી એટલે કે શુદ્ધ કારણને કે શુદ્ધ ઉપાદાનને તે ઓળખતો નથી, તે અશુદ્ધતાને જ દેખે છે. ભાઈ, તારી આત્મવસ્તુ કેવડી છે? શું સંકોચાયેલી—હીણી પર્યાય જેટલી જ આત્મવસ્તુ છે?—ના; આત્મા તો અનંતગુણથી પૂરો છે ને પૂરી પર્યાય વિકસે એવો છે.

આત્માની અસંકુચિત—વિકાસશક્તિ સર્વગુણોમાં વ્યાપક છે, એટલે જ્ઞાનમાં કેવળ જ્ઞાનપણે વિકસવાની તાકાત છે, આનંદગુણમાં પૂર્ણ આનંદરૂપે વિકસવાનો સ્વભાવ છે. આવી શક્તિસહિત આત્માને ઓળખે ત્યારે જ આત્માને જાયો કહેવાય, ને તેને પર્યાયમાં તેવો સ્વભાવ ખીલી જાય, આવા આત્માની સમજણમાં અપૂર્વ અંતર્મુખ પ્રયત્ન છે. આ વસ્તુ સમજવાની ખરી જિજ્ઞાસા જાગે તે પણ અપૂર્વ છે. સ્વરૂપના સામર્થ્ય તરફ રુચિનું વલણ થતાં આત્માની અનંત શક્તિનો વૈભવ હાથમાં આવે છે.

ઉપસર્ગ કે પરિષહના ગમે તેવા સંયોગો વચ્ચે પણ આત્માની શક્તિ ઘેરાઈ જતી નથી કે હણાઈ જતી નથી; ને જ્યાં આવી શક્તિવાળા આત્માને દ્રષ્ટિમાં લીધો ત્યાં પર્યાય પણ હીણી થતી નથી, વિકાસશક્તિના આશ્રયે પણ વિકાસરૂપ થાય છે. સાધકપર્યાયમાં કંઈક હીનતા રહી તેનો સ્વીકાર શુદ્ધદ્રષ્ટિમાં નથી. જ્યાં વિકલ્પ નથી ત્યાં આત્મા છે; વિકલ્પ કે ઈચ્છા તે કાંઈ આત્મા નથી. આત્માના સંવેદનમાં, આત્માના વૈભવમાં ઈચ્છાનો તો અભાવ છે તો ઈચ્છાવડે તે કેમ પ્રગટે? ઈચ્છાની અપેક્ષા વગરનો નિરપેક્ષ આત્મવૈભવ તે પરના કારણ વગર પોતાથી જ પ્રગટે છે. આત્મસ્વભાવનો અપાર મહિમા છે, કોઈ અન્ય

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૫ ઉપર)

**સ્વરૂપના સામર્થ્ય તરફ રુચિનું વલણ થતાં આત્માની અનંત શક્તિનો વૈભવ પ્રગટે છે.**

# આગમ અને અધ્યાત્મ બંને પદ્ધતિમાં અનંતતા; તે અનંતતાને જાણનાર કેવળજ્ઞાનનું દિવ્યસામર્થ્ય

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

હવે, આગમ તથા અધ્યાત્મ બંને પદ્ધત્તિમાં અનંતતા કહી તે સંબંધી વિચાર લખે છે—

“અનંતતાનું સ્વરૂપ દૃષ્ટાંત વડે દર્શાવીએ છીએ : જેમકે વડના વૃક્ષનું એક બીજ હાથમાં લઈને તેના ઉપર દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીએ તો વડના તે બીજ વિષે એક વડનું ઝાડ છે, ભાવિકાળમાં જેવું વૃક્ષ થનાર છે તેવા વિસ્તાર સહિત તે બીજમાં વાસ્તવરૂપે વિદ્યમાન—છતું છે, અનેક શાખા—પ્રશાખા—પત્ર—પુષ્પ—ફળયુક્ત છે, તેના પ્રત્યેક ફળમાં એવા અનેક બીજ છે. એ પ્રકારની અવસ્થા એક વડના બીજ વિષે વિચારવી. વળી સૂક્ષ્મદૃષ્ટિથી જોઈએ તો તે વડના વૃક્ષમાં જે જે બીજ છે તે તે અંતર્ગર્ભિત-વડવૃક્ષ સંયુક્ત છે. એ પ્રમાણે એક વડમાં અનેક અનેક બીજ અને એકેક બીજ વિષે એકેક વડવૃક્ષ,—તેનો વિચાર કરીએ તો ભાવિનયની પ્રધાનતાથી ન તો વડવૃક્ષની મર્યાદા પમાય કે ન બીજની મર્યાદા પમાય. એ પ્રમાણે અનંતતાનું સ્વરૂપ જાણવું. તે અનંતતાના સ્વરૂપને કેવળજ્ઞાનીપુરુષ પણ અનંત જ દેખે—જાણે—કહે; અનંતનો બીજો અંત છે જ નહિ કે જે જ્ઞાનમાં ભાસે. માટે અનંતતા અનંતરૂપ જ પ્રતિભાસે છે. એ પ્રમાણે આગમ તથા અધ્યાત્મની અનંતતા જાણવી.”

અનંતતા સમજાવવા અહીં વૃક્ષ અને બીજનું દૃષ્ટાંત આપ્યું છે. વૃક્ષ અને બીજની પરંપરા અનાદિની છે, પહેલાં વૃક્ષ કે પહેલાં બીજ?—તો પરંપરાથી બંને અનાદિના છે. ને સૂક્ષ્મ વિચારથી જોતાં એકેક બીજમાં ભવિષ્યના અનંતા વૃક્ષની તાકાત છે.—એમ બંનેની પરંપરા વિચારતાં તેનો ક્યાંય પાર ન આવે. તેમ જીવમાં વિકારની કે કર્મની પરંપરા અનાદિથી ચાલી રહી છે, ને શુદ્ધપર્યાયનો પ્રવાહ પણ જગતમાં અનાદિથી ચાલી જ રહ્યો છે. પહેલાં સિદ્ધ કે સંસાર? તો બંને અનાદિના છે; પહેલાં વિકાર કે કર્મ?—તો બંનેની પરંપરા અનાદિની છે. પહેલાં દ્રવ્ય કે પર્યાય? પહેલાં સામાન્ય કે વિશેષ?—તો એ બંને અનાદિના છે, પહેલાં—પછીપણું તેમાં નથી. જો ‘દ્રવ્યની પહેલી પર્યાય આ’ એમ કહો તો ત્યાં દ્રવ્યની જ આદિ થઈ જાય છે, દ્રવ્ય અનાદિ નથી રહેતું; એ જ રીતે ‘દ્રવ્યની છેલ્લી પર્યાય આ’—

અનંતતાના સ્વરૂપને કેવળજ્ઞાની પુરુષ પણ અનંત જ દેખે—જાણે—કહે છે.

એમ કહો તો ત્યાં દ્રવ્યનો જ અંત થઈ જાય છે, દ્રવ્ય અનંત નથી રહેતું. એકેક પર્યાય આદિ-અંતવાળી ભલે હો, પણ પર્યાયના પ્રવાહને આદિ-અંત નથી, એટલે દ્રવ્યની પર્યાયમાં આ પહેલી ને આ છેલ્લી એવું આદિ અંતપણું નથી. દ્રવ્યમાં પર્યાયનો પ્રવાહ પહેલાં ન હતો ને પછી શરૂ થયો અથવા તે પ્રવાહ કદી અટકી જશે—એમ નથી. જેમ દ્રવ્ય અનાદિ અનંત છે તેમ તેની સાથે તેની પર્યાયનો પ્રવાહ પણ અનાદિ-અનંત વર્તી જ રહ્યો છે ને કેવળજ્ઞાનમાં બધું જણાઈ રહ્યું છે. જુઓ તો ખરા, આ જગતની વસ્તુસ્થિતિ! અનાદિને અનાદિપણે ને અનંતને અનંતપણે જેમ છે તેમ કેવળીભગવાન વિકલ્પ વગર જાણે છે.

શ્રોતા :—પહેલી પર્યાય કઈ ને છેલ્લી પર્યાય કઈ—એ ભગવાન પણ ન જાણે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેમ વસ્તુ હોય તેમ ભગવાન જાણે કે તેનાથી વિપરીત જાણે? જે 'અનાદિ' છે તેને 'આદિ' છે જ નહિ પછી ભગવાન તેની 'આદિ' ક્યાંથી જાણે? અને જે 'અનંત' છે તેનો 'અંત' છે જ નહિ પછી ભગવાન તેનો અંત ક્યાંથી જાણે? જો ભગવાન તેના આદિ અને અંત જાણે તો અનાદિ–અનંતપણું ક્યાં રહ્યું? ભાઈ, આ તો સ્વભાવનો અચિંત્ય વિષય છે. અહો, અનંતતા જે જ્ઞાનમાં સમાઈ ગઈ તે જ્ઞાનની દિવ્ય અનંતતા લક્ષમાં લેતાં જ્ઞાન તેમાં જ (–જ્ઞાનસ્વભાવના અનંતમહિમામાં જ) ડૂબી જાય છે, એટલે કે જ્ઞાન સ્થિર થઈ જાય છે—નિર્વિકલ્પ થઈ જાય છે.

શ્રોતા :—જો અનંતનો છેડો ભગવાન પણ ન જાણે તો તો તેમનું જ્ઞાનસામર્થ્ય મર્યાદિત થઈ ગયું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, ભગવાન જો અનંતને અનંત તરીકે પણ ન જાણતા હોય તો તેમનું જ્ઞાનસામર્થ્ય મર્યાદિત કહેવાય; પરંતુ ભગવાન તો કેવળજ્ઞાનના અમર્યાદિત સામર્થ્યવડે અનંતને પણ અનંત તરીકે પ્રત્યક્ષ જાણે છે. ભગવાન તેનો છેડો ન જાણી શક્યા માટે તેને અનંત કહી દીધું—એમ નથી. ભગવાને અનંતને અનંતપણે જાણ્યું તેથી તેને અનંત કહ્યું. અનંતને પણ સર્વજ્ઞભગવાન જાણે છે, જો ન જાણે તો 'સર્વજ્ઞ' કેમ કહેવાય?

શ્રોતા :—જો ભગવાન અનંતને જાણે છે તો ભગવાનના જ્ઞાનમાં તેનો અંત આવી ગયો કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના; ભગવાને અનંતને અનંતપણે જાણ્યું છે, અનંતને અંતવાળા તરીકે નથી જાણ્યું. ભગવાન અનંતને નથી જાણતા એમ પણ નથી ને ભગવાને અનંતને જાણવાથી તેનો અંત આવી જાય છે એમ પણ નથી; અનંત અનંતપણે રહીને ભગવાનના

ભગવાન તો કેવળજ્ઞાનના સામર્થ્યવડે અનંતને પણ અનંત તરીકે પ્રત્યક્ષ જાણે છે.

જ્ઞાનમાં જણાય છે. જો અનંતને અંત તરીકે જાણે તો તે જ્ઞાન ખોટું અને જો 'અનંત'ને ન જાણી લ્યે તો તે જ્ઞાન પૂરું નહિ.

શ્રોતા :—અનંત હોય તે જ્ઞાનમાં કઈ રીતે જણાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ, પદાર્થની અનંતતા કરતાં જ્ઞાનસામર્થ્યની અનંતતા ઘણી મોટી છે, તેથી બેહદ જ્ઞાનસામર્થ્ય અનંતને પણ પહોંચી વળે છે. જ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય લક્ષમાં આવે તો જ આ વાત બેસે તેવી છે. વિકારમાં અટકેલું જ્ઞાન મર્યાદિત છે તે અનંતને નથી પહોંચી શકતું પણ વિકાર વગરના જ્ઞાનમાં તો અચિંત્ય બેદહ તાકાત છે, તે અનાદિ–અનંતકાળને, અનંતાનંત આકાશપ્રદેશોને એ બધાયને સાક્ષાત્ જાણી લે છે. અરે, એનાથી પણ અનંતગણું સામર્થ્ય એનામાં ખીલ્યું છે.

શ્રોતા :—અહીં વૃક્ષ અને બીજના દ્રષ્ટાંતે વિકાર અને કર્મ એ બંનેની પરંપરા પણ અનંત કીધી, તો પછી વિકારનો નાશ થઈને મોક્ષ ક્યારે થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વૃક્ષ અને બીજની પરંપરા સામાન્યપણે અનંત છે, પણ તેથી કરીને કાંઈ બધા બીજમાંથી વૃક્ષ ઊગે જ એવો નિયમ નથી, ઘણાંય બીજ ઊગ્યા પહેલાં બળી જાય છે ને તેને વૃક્ષ–બીજની પરંપરાનો અંત આવી જાય છે. એકવાર જે બીજ બળી ગયું તે ફરીને કદી ઊગતું નથી. તેમ જગતમાં સામાન્યપણે વિકાર ને કર્મની પરંપરા અનંત છે, તેનો જગતમાંથી કદી અભાવ થવાનો નથી, પણ તેથી કરીને કાંઈ બધાય જીવોને એવી વિકારી પરંપરા ચાલ્યા જ કરે એવો નિયમ નથી; ઘણાય જીવો પુરુષાર્થ વડે વિકારની પરંપરા તોડીને સિદ્ધપદને સાધે છે, તેમને વિકારની પરંપરાનો અંત આવી જાય છે. જેણે એકવાર વિકારના બીજને બાળી નાંખ્યું તેને ફરીને કદી વિકાર થતો નથી. આ રીતે વિકારની પરંપરા તૂટી શકે છે.

શ્રોતા :—વિકારની પરંપરા તો અનાદિની છે, તો તેનો અંત કેમ આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પરંપરા અનાદિની હોય માટે તેનો અંત ન આવે એમ નથી. જેમ વૃક્ષ–બીજની પરંપરા અનાદિની હોવા છતાં કોઈ એક બીજ બળી જતાં તેની પરંપરાનો અંત આવી જાય છે, તેમ વિકારની પરંપરા અનાદિની હોવા છતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે ધર્મી જીવને તેનો અંત આવી જાય છે. જેમ મોક્ષમાર્ગ અનાદિથી ન હોવા છતાં તેની નવી શરૂઆત થઈ શકે છે, તેમ વિકાર અનાદિનો હોવા છતાં તેનો અંત થઈ શકે છે.

**જ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય લક્ષમાં આવે તો જ આ વાત બેસે તેવી છે.**

શ્રોતા :—આગમ અને અધ્યાત્મ (એટલે કે વિકાર અને શુદ્ધતા) બંનેમાં અનંતતા કીધી, તે કઈ રીતે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વિકારમાં અનંત પ્રકારો છે ને તેના નિમિત્તરૂપ કર્મમાં અનંતાનંત પરમાણુઓ છે,–એ રીતે આગમપદ્ધત્તિમાં અનંતતા છે; અને જીવના અનંતગુણોની અનંત નિર્મળપર્યાયો છે, એકેક નિર્મળપર્યાય અનંતા ભાવોથી ને અનંતા સામર્થ્યથી ભરેલી છે, જ્ઞાનની એક નાની પર્યાયમાં પણ અનંતા અવિભાગપ્રતિચ્છેદ અંશોનું સામર્થ્ય છે.–આમ અધ્યાત્મપદ્ધતિમાં પણ અનંતતા જાણવી. એકેક આત્મામાં અનંતગુણો છે, એકેક ગુણમાં અનંત નિર્મળપર્યાયો ખીલવાની તાકાત પડી છે ને એકેક નિર્મળપર્યાય અનંત સામર્થ્યસહિત છે. તારા એક આત્મામાં કેટલું અનંત સામર્થ્ય છે–એનું લક્ષ કર તો સ્વસન્મુખવૃત્તિ થાય ને અપૂર્વ અધ્યાત્મદશા પ્રગટે. એક તરફ વિકારની ધારા અનાદિની ને બીજી તરફ સ્વભાવસામર્થ્યની ધારા પણ અનાદિની સાથે ને સાથે જ ચાલી રહી છે, વિકારની ધારા વખતેય સ્વભાવસામર્થ્યની ધારા કાંઈ તૂટી નથી ગઈ,–સ્વભાવસામર્થ્યનો કાંઈ અભાવ નથી થયો; પરિણતિ જ્યાં સ્વભાવસામર્થ્ય તરફ વળી ત્યાં વિકારની પરંપરાનો પ્રવાહ તૂટ્યો ને અધ્યાત્મપરિણતિની પરંપરા શરૂ થઈ,–જે પૂરી થઈને સાદિ અનંતકાળ રહ્યા કરશે. માટે હે ભાઈ! અંતર્મુખ થઈ તારા સ્વભાવસામર્થ્યને વિચારમાં લે...લક્ષમાં લે...પ્રતીતમાં લે...અનુભવમાં લે. લોકોને બહારનો વિશ્વાસ આવે છે કે એક બીજમાંથી આવડો મોટો દશ માઈલના ઘેરાવાવાળો વડ ફાલ્યો, પણ ચૈતન્યશક્તિના એક બીજમાંથી અનંતા કેવળજ્ઞાનરૂપી વડલા ફાલવાની તાકાત છે તેનો વિશ્વાસ નથી આવતો. જો ચૈતન્યસામર્થ્યનો વિશ્વાસ કરે તો તેના આશ્રયે રત્નત્રયધર્મની અનેક શાખા–ઉપશાખા પ્રગટીને મોક્ષફળ સહિત મોટું વૃક્ષ ઊગે. ભવિષ્યમાં થનાર મોક્ષવૃક્ષની તાકાત અત્યારે તારા ચૈતન્યબીજમાં વિદ્યમાન પડી છે. સૂક્ષ્મદૃષ્ટિથી એને વિચારમાં લઈને અનુભવ કરતાં અપૂર્વ કલ્યાણ થશે. *(ક્રમશઃ)*❀

---

(નવરસનું.... અનુસંધાન પેઈજ નંબર ૪ થી ચાલુ)

આ નવરસ ભવરૂપ છે એટલે કે લૌકિક છે અને આ નવરસ ભાવરૂપ એટલે કે પરમાર્થરૂપ પણ છે. આ નવરસને બરાબર જાણતાં સુદૃષ્ટિ જાગૃત થાય છે. એક તો પાપરસ છે અને બીજો ધર્મરસ છે. બંનેનું પૃથક્કરણ કરીને આલોચના કરે તેને આનંદ ઊપજે છે. જ્ઞાનદૃષ્ટિનો ઉદય થાય ત્યારે તે જીવ લૌકિક અને લોકોત્તરરસને જુદા અનુભવે છે. *(ક્રમશઃ)*

❀

પરિણતિ જ્યાં સ્વભાવસામર્થ્ય તરફ વળી ત્યાં વિકારની પરંપરાનો પ્રવાહ તૂટ્યો.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :—એકાંત કરવા જેવું નથી.

પૂજ્ય બહેનશ્રી :—એકાંત કરવા જેવું નથી. અનાદિકાળથી દ્રવ્યની દૃષ્ટિ પ્રગટ કરી નથી, સામાન્ય જે આદરવા યોગ્ય છે તેનો આશ્રય લીધો નથી અને માત્ર સ્થૂલ વ્યવહારમાં રોકાઈ ગયો છે. સામાન્યના આશ્રય વગર વ્યવહારમાં રોકાણો, પણ એવો વ્યવહાર છોડવા યોગ્ય છે. તે વ્યવહારની દૃષ્ટિ છોડીને શક્તિઓનો ભંડાર એવા સામાન્યની દૃષ્ટિ કર. અનંત ગુણભંડાર સામાન્યની દૃષ્ટિ કરે તો સામાન્યની મહિમા આવે જ. તે સાથે સાધનાની પર્યાયની મહિમા પણ શાસ્ત્રમાં આવે છે. પંચપરમેષ્ઠી વ્યવહારે પૂજવા યોગ્ય કહેવાય છે, તેમ ન હોય તો તેમનું શાસ્ત્રમાં કથન આવે છે તે બધું નિષ્ફળ ઠરશે. પંચપરમેષ્ઠી ભગવાન પૂજવા યોગ્ય છે, સાધક દશામાં એવા શુભભાવો આવે છે. માટે પર્યાય અને દ્રવ્ય બંનેનો વિવેક કરવાનો છે.

* શ્રોતા :—સામાન્ય તરફ જવામાં વચ્ચે વ્યવહાર તો આવે છે ને? એટલો વ્યવહાર રાખવો ને?

પૂજ્ય બહેનશ્રી :— વ્યવહાર રાખવો એમ નહિ, વ્યવહારનું યથાર્થ જ્ઞાન હોય. પોતા તરફની દૃષ્ટિનું ધ્યેય રાખવું અને વચ્ચે જે વ્યવહાર આવે છે તે જાણવા યોગ્ય છે. વ્યવહારનું યથાર્થ જ્ઞાન વચ્ચે હોય છે. જેમ છે તેમ યથાર્થ પ્રતીતિ કરવાની છે. વ્યવહારને સ્થાને વ્યવહાર યોગ્ય છે, નિશ્ચયને સ્થાને નિશ્ચય યોગ્ય છે.

“જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ” નિશ્ચયની જગ્યાએ નિશ્ચય, વ્યવહારની જગ્યાએ વ્યવહાર, જેમ છે તેમ સમજવા. જે જ્યાં યોગ્ય હોય ત્યાં તેનું આચરણ કરે. સામાન્યને મુખ્ય રાખીને વ્યવહારને હેય ગણવામાં આવે છે અર્થાત્ ભૂતાર્થ દૃષ્ટિએ વ્યવહારને અભૂતાર્થ કહ્યો, પણ જે અભૂતાર્થ છે તે વ્યવહાર, પોતે પોતાથી છે. નિશ્ચય ભૂતાર્થ છે તે અપેક્ષાએ વ્યવહાર અભૂતાર્થ છે, પણ તેથી પર્યાય નથી એમ નથી. જ્યાં જે અપેક્ષા યોગ્ય છે ત્યાં તે પ્રમાણે બરાબર સમજવું.

નિશ્ચય ભૂતાર્થ છે તે અપેક્ષાએ વ્યવહાર અભૂતાર્થ છે.

✻ શ્રોતા :—વચનામૃતના બોલમાં આવે છે કે 'પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને કમાવે–ધન રળે તો ઢગલા થાય.' તો એમાં શું કહેવું છે?

પૂજ્ય બહેનશ્રી :—આ ચૈતન્ય તે જ હું છું એવી યથાર્થ જ્ઞાનની કળ એટલે કે પુરુષાર્થની કળ અંતરમાં સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પણ તે જ્ઞાનની કળ, પુરુષાર્થની કળ ક્યારે સૂઝે? કે હું કોણ છું? અને આ વિભાવ શું છે? એમ નક્કી કરીને વિભાવથી ન્યારો થાય ત્યારે. તેને ક્યાંય ચેન પડે નહિ, મારે એક આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એક આત્મા સિવાય જગતમાં કોઈ વસ્તુની વિશેષતા લાગે નહિ, એક આત્મા જ વિશેષ અને સર્વોત્કૃષ્ટ છે એટલી આત્માની જરૂરિયાત જણાય તો પુરુષાર્થની કળ સૂઝી જાય.

ચૈતન્ય આત્મા કોઈ અનુપમ પદાર્થ છે એમ આત્માની વિશેષતા લાગે તો તેને પુરુષાર્થની કળ સૂઝે. પછી આ આત્મા છે તે વિભાવથી જુદો છે એમ કરીને પુરુષાર્થથી આગળ જાય તો, જેમ ધન રળે ને ઢગલા થાય તેમ પુરુષાર્થ થાય. ધન મળવું તે પુણ્યાધીન છે, ધન મળવું તે પોતાના હાથની વાત નથી. પણ આ પુરુષાર્થ તો પોતાના સ્વભાવમાંથી પ્રગટે છે. સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકી અસ્તિત્વને ગ્રહણ કરે એટલે કે અનંતગુણઋદ્ધિથી ભરપૂર આત્મામાં જાય તો આત્મામાં જે ભર્યું છે તે દર્શન, જ્ઞાન અને લીનતા પ્રગટ થાય, જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનેક ગુણની નિર્મળતા પ્રગટે. જેમ ધન રળે ને ઢગલા થાય તેમ આત્માની અનેક જાતની નિર્મળતાઓ પુરુષાર્થ કરે તો પ્રગટ થાય.

જેને કળ સૂઝી ને આત્મા હાથ આવી ગયો તેને આત્મામાંથી અનંતગુણની નિર્મળતાઓ પ્રગટ થાય છે, સ્વથી એકત્વ અને પરથી વિભક્ત એવી પરિણતિ અંતરમાં પ્રગટ થાય છે. પોતાને દૃષ્ટિનું જોર છે ને ભેદજ્ઞાનની ધારા છે તો કોઈવાર વિશેષ પુરુષાર્થ કરતા ધન રળે અને ઢગલા થાય તેના જેવું થાય.

શ્રોતા :—પરિણતિ વિશેષ થાય એટલે કળ હાથમાં આવી જાય?

પૂજ્ય બહેનશ્રી :—પરિણતિ વિશેષ થાય ત્યારે કળ હાથમાં આવે તેમ નહિ, સમ્યગ્દર્શન થયું ત્યાં જ કળ હાથમાં આવી જાય છે. મુક્તિનો માર્ગ પ્રગટ થયો, સ્વાનુભૂતિ

આત્માની જરૂરિયાત જણાય તો પુરુષાર્થની કળ સૂઝી જાય.

પ્રગટ થઈ ત્યાં જ કળ હાથમાં આવી ગઈ. આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યું, મુક્તિના માર્ગે ચાલ્યો અને સ્વરૂપની ધારા પ્રગટ થઈ તે કળ છે. પછી તેમાં અમુક જાતની નિર્મળતાઓ યથાયોગ્ય પ્રગટે છે. જ્ઞાન-દર્શન પ્રગટ થતાં કેટલીક સ્વરૂપ-રમણતા પ્રગટે છે, પછી આગળ જાય એટલે ભૂમિકા વધી જાય તેનો ચારિત્ર સાથે સંબંધ છે. ચારિત્રદશા તે કેવળજ્ઞાનને લાવનારી છે. ચારિત્રદશામાં અનેક જાતની વિભૂતિઓ પ્રગટે છે.

જેને મુક્તિનો માર્ગ હાથમાં આવી ગયો છે, જેણે પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે, તેને જ્ઞાયકની ધારા પ્રગટ થઈ ગઈ છે. પછી જ્ઞાયકની ધારામાં આગળ પુરુષાર્થ થવામાં તેની વિરક્તિ વધતી જાય તે કારણ છે પણ બીજું કોઈ કારણ નથી. કળ સૂઝવામાં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શન થતાં હવે તેને કોઈ કળ સૂઝવાની બાકી નથી. જેને મુક્તિનો માર્ગ પ્રગટ થયો તેને કળ સૂઝી જ જાય છે. ચારિત્રદશા તો સહજ છે. જોકે જ્ઞાતાધારાની ઉગ્રતા થવી તે તો તેના પુરુષાર્થ ઉપર છે પણ હવે બીજી કોઈ કળ સૂઝે તો તે આગળ જાય એવું નથી. તેને કોઈ જાતની માર્ગની મૂંઝવણ નથી. *(ક્રમશઃ)*

---

(શક્તિ..... અનુસંધાન પેઈજ નંબર ૮ થી ચાલુ)

ચીજ વડે તેનો મહિમા નથી. ચૈતન્ય દ્રવ્ય, તેના અનંતગુણો અને તે તરફથી નિર્મળપર્યાય–એ ત્રણે મહિમાવંત છે; આવું તારું આત્માપણું છે; તારું આત્માપણું પરમાં કે રાગમાં નથી પણ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તારું આત્માપણું છે. શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય જેટલો આત્મા છે. આવા શુદ્ધ આત્માને લક્ષમાં લેતાં સંકોચ વગર તેનો વિકાસ થાય છે. ચૈતન્યનો તે વિલાસ ક્ષેત્ર કે કાળની મર્યાદા વગરનો છે. મુનિરાજને ઉપાડીને કોઈ દેવ જ્યાં છઠ્ઠો આરો વર્તતો હોય એવા ક્ષેત્રમાં તેમને મૂકી દે તો તેથી કાંઈ તે મુનિનો વિકાસ સંકોચાઈ જતો નથી, તે ક્ષેત્રમાં ને તે કાળમાં પણ તે કેવળજ્ઞાન પ્રગટ કરીને, સંકોચ વગરનો વિકાસ પ્રગટાવી શકે છે. નરકમાં અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ જીવો આત્માના આનંદનું વેદન કરે છે. સમુદ્ઘાત વખતે કેવળી ભગવાનના આત્મપ્રદેશો નરકના ક્ષેત્રમાં પણ છે પણ તે આત્મપ્રદેશોમાં ચૈતન્યવિલાસ પૂરો વિકસી ગયો છે તેમાં જરાય સંકોચ નથી; આ રીતે નરકનું ક્ષેત્ર પણ ચૈતન્યના અસંકુચિત–વિકાસને અટકાવતું નથી. આત્માનો એવો સ્વભાવ છે કે ગુણોનો વિકાસ થાય પછી તેમાં સંકોચ રહે નહીં. જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં આવી એક શક્તિ પણ ભેગી જ પરિણમે છે.

આ રીતે અસંકુચિત–વિકાસત્વ શક્તિનું વર્ણન પૂર્ણ થયું. *(ક્રમશઃ)*

સમ્યગ્દર્શન થતાં હવે તેને કોઈ કળ સૂઝવાની બાકી નથી.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

* શ્રોતા :—ભગવાન આત્માને જ્ઞાનમાત્ર શા માટે કહેવામાં આવે છે? આપ વારંવાર 'ભગવાન આત્મા....ભગવાન આત્મા...' કહો છો—કૃપા કરીને તેનું સ્વરૂપ બતાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! ભગવાન આત્મા અનંત શક્તિઓનું સંગ્રહાલય, અનંત ગુણોનું ગોદામ, અનંત આનંદનો કંદ, અનંત મહિમાવંત, અતીન્દ્રિય મહાપદાર્થ છે; તેને જ્ઞાનમાત્ર પણ કહેવામાં આવે છે. આત્મા જ્ઞાનમાત્ર છે એટલે કે એ શરીર, મન, વાણી અને પુણ્ય-પાપરૂપ નથી એક સમયની પર્યાયમાત્ર પણ નથી. તે જ્ઞાન, દર્શન, અકાર્યકારણ, ભાવ—અભાવ આદિ અનંત શક્તિમય છે.

પ્રભુ! તારા ઘરની શું વાત કહેવી! તારામાં અનંત શક્તિઓ ભરી પડી છે અને એક એક શક્તિ અનંત સામર્થ્યવાન છે. એક એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક એક શક્તિમાં બીજી અનંત શક્તિઓનું રૂપ છે. એક એક શક્તિ અન્ય અનંત શક્તિઓમાં નિમિત્ત છે. એક એક શક્તિમાં અનંત પર્યાયો છે, તે પર્યાયો ક્રમે ક્રમે થાય છે, માટે તેઓ ક્રમવર્તી છે. અનંત શક્તિઓ એક સાથે રહે છે માટે તેઓ અક્રમવર્તી છે.

આ પ્રમાણે આત્મદ્રવ્ય અક્રમવર્તી અને ક્રમવર્તી ગુણપર્યાયોનો પિંડ છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે માટે તેની દૃષ્ટિ કરવાથી પરિણમન પણ શુદ્ધ જ થાય છે. 'હું જ્ઞાન માત્ર વસ્તુ છું'—આવી દૃષ્ટિ થતાં પર્યાયમાં જીવત્વ શક્તિનું પરિણમન થયું, તેની સાથે જ્ઞાન, દર્શન, આનંદ, અકાર્યકારણત્વ વગેરે અનંત શક્તિઓની પર્યાયો ઊછળે છે, પ્રગટ થાય છે.

શ્રોતા :—ઊછળે છે એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્ય વસ્તુ છે, તેમાં અનંતી શક્તિઓ છે, એક શક્તિનું જ્યારે પરિણમન થાય છે ત્યારે અનંતી શક્તિની પરિણતિ એકસાથે ઉત્પન્ન થાય છે તેને ઊછળે છે એમ કહેવામાં આવે છે.

* શ્રોતા :—શું અજ્ઞાનીને પ્રથમથી જ આત્માની વાત કહેવી જોઈએ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સમયસારની ગાથા ૮મા આચાર્યદેવે આત્મા આનંદ સ્વરૂપ છે તેને ઓળખવાનું સમજાવ્યું છે. પહેલાં દ્વીપ-સમુદ્ર, લોકની રચના આદિને ઓળખવાનું કે

વ્રતાદિ કરવાનું કહ્યું નહિ પણ શુદ્ધાત્માને ઓળખવાનું સમજાવ્યું છે ને સમજવા આવનાર પણ હજુ આત્માને સમજ્યો નથી છતાં જિજ્ઞાસાથી ટગ ટગ જોઈ રહ્યો છે તેને કહે છે કે જે દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશા પ્રાપ્ત થાય તેને આત્મા કહે છે. આમ વ્યવહારી જીવોને પણ પહેલાં શુદ્ધ આત્મા જ સમજાવ્યો છે. અનાદિના બંધન છૂટીને મુક્તિ કેમ થાય તે આચાર્યદેવ અજ્ઞાનીને સમજાવે છે.

* શ્રોતા :—જીવને શરીરવાળો કે રાગવાળો કહેવો એ તો વ્યવહારથી કથન છે પણ જીવને સમ્યગ્દર્શનવાળો તો કહેવાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જીવને સમ્યગ્દર્શનવાળો કહેવો એ પણ પર્યાયથી કથન છે, જીવ તો વિજ્ઞાનઘનસ્વરૂપ છે. સમ્યગ્દર્શન-પર્યાય તો એક અંશ છે ને જીવ ત્રિકાળી વિજ્ઞાનઘનસ્વરૂપ છે.

* શ્રોતા :—સમ્યગ્દર્શન અને આત્મા ભેદરૂપ છે કે અભેદરૂપ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય અને આત્મા અભેદ છે. રાગને અને આત્માને તો સ્વભાવભેદ છે, આ સમ્યગ્દર્શન અને શુદ્ધ આત્મા અભેદ છે, પરિણતિ સ્વભાવમાં અભેદ થઈને પરિણમી છે, આત્મા પોતે અભેદપણે તે પરિણતિરૂપે પરિણમ્યો છે, તેમાં ભેદ નથી. વ્યવહારસમ્યગ્દર્શન જે વિકલ્પરૂપ છે તે કાંઈ આત્મા સાથે અભેદ નથી.

*(ક્રમશઃ)*

## ❁ બારમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર ❁

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવનાયોગે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં બારમી બાલ સંસ્કાર શિબિર તા. ૨૫-૧૨-૧૨ મંગળવારથી તા. ૩૦-૧૨-૧૨ રવિવાર સુધી શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા પરિવાર, સુરેન્દ્રનગરના સૌજન્યથી આયોજિત થઈ રહી છે તેથી સર્વે મુમુક્ષુઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈને શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

બાલસંસ્કાર શિબિરના શિબિરાર્થી બાળકો તથા યુવકોને જાણ કરવામાં આવે છે કે દરેક વર્ષની જેમ આ વર્ષે પણ શિબિરમાં રાત્રિના સમયે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તો તેમાં ભાગ લેવા ઈચ્છનારા શિબિરાર્થીઓ યથાયોગ્ય તૈયારી સાથે શિબિરમાં આવે.

## બાળ વિભાગ

### શ્રી પુષ્પદંત-કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

(અત્રે રજૂ થયેલી 'યશોધર ચરિત્ર' કથા અત્યંત વૈરાગ્યપૂર્ણ છે. હિન્દી સમાજમાં પણ આ કથા વિશેષ પ્રચલિત નથી ને ગુજરાતી સમાજમાં તો પ્રાયઃ જરાપણ પ્રચલિત નથી.

આ કથામાં કોઈપણ પ્રકારના ખોટા કાર્યમાં રાગના કારણે અનુમોદના કરવાથી કેવા કેવા આકરા ફળ ભોગવવા પડે છે તેમ જ માયાચારીના પરિણામથી કેવી અધોગતિ થાય છે અને વેરભાવથી કેટલાય ભવો એકબીજાને ભયંકર દુઃખ પહોંચાડતા રહે છે–ઇત્યાદિ વૈરાગ્યપૂર્ણ વર્ણન વાંચીને, જીવને તે બધાથી સાવધાન થઈને, દુર્લભ મનુષ્યભવ અને પ્રાપ્ત ઉત્તમ ધર્મયોગમાં એકમાત્ર આત્મસાધના કરી લેવા યોગ્ય છે તેવો પૂજ્ય ગુરુદેવશ્રીનો કરુણામય ઉપદેશ સાર્થક કરી લેવાની ભાવના દ્રઢ થશે. –સંપાદક)

રાજન્! એ સમયે વિદ્વાન પંડિતોએ સરળ વાર્તા કરવાનું ચાલુ કર્યું કે જેથી મારા હૃદયમાં હર્ષ ઉત્પન્ન થવા લાગ્યો. તે સમયે સભામંડપમાં સુકવિના કાવ્યની જેમ મારી માતા ચંદ્રમતિનું શુભાગમન થયું. તે સમયે મેં તપશ્ચરણનો ઉપાય મનમાં વિચારીને મિથ્યા સ્વપ્નનો વૃત્તાંત માતાને કહ્યો.

મેં કહ્યું :—હે માતા! આજે રાત્રે મેં એક ભયાનક સ્વપ્ન જોયું કે એક વિકરાળ પુરુષ હાથમાં શસ્ત્ર લઈને મારી સામે ઊભો હતો અને મને કહેતો હતો કે તું જિનરાજની દીક્ષા ધારણ કર, નહીં તો હું તને યમપુર પહોંચાડી દઈશ. એમ કહીને એ તરત જ અદ્રશ્ય થઈ ગયો. માતા એ વિકરાળ મૂર્તિ હજી મારી આંખની સામે ફરે છે એટલે મને કાંઈ ગમતું નથી. કોની પૃથ્વી અને કોનું રાજ્ય? કોની સ્ત્રી અને કોનો પુત્ર? મને કોઈથી કાંઈ પ્રયોજન નથી. હવે તો કેવળ આત્મકલ્યાણ જ ઈષ્ટ છે. એનાથી સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીશ અને દુઃસહ ઈન્દ્રિયો પર જીત મેળવી જિનદીક્ષા ધારણ કરીને મહાતપ કરીશ.

હે માત! રાત્રે જે મેં નિકૃષ્ટ સ્વપ્ન જોયું છે તેનાથી મેં એ નક્કી કર્યું છે કે યશોમતિ નામનો મારો જે પુત્ર છે તેને રાજાના પદ પર સ્થાપવો યોગ્ય છે. માતા! દુષ્ટ સ્વપ્નની શાંતિને માટે જિનદીક્ષા સિવાય બીજો કોઈ રસ્તો નથી.

આવું સાંભળીને મુનિના ગુણોનો ઘાત કરનારી અને મિથ્યાત્વના વિષથી દૂષિત મારી માતા કહેવા લાગી:

પુત્ર! ચિંતિત મનોરથ અને સમસ્ત આજ્ઞાઓને પૂરી કરનારી કુળદેવી–ચંડમારી પાસે સમસ્ત જીવોના યુગલની બલિ આપવાથી દુઃખ, કલેશ, કલહ અને દુઃસ્વપ્ન આદિ સમસ્ત

કષ્ટ શાંત થઈ જાય છે, તો તને પણ અવશ્ય શાંતિ થશે. માટે હે પુત્ર! તું પણ કુળદેવીની સેવામાં તલ્લીન થઈને શાંતિ કરવાનો ઉપાય કર.

ક્ષુલ્લક :—અહો રાજન્ મારિદત્ત! જ્યારે મારી માતાએ દયારહિત ઉપર્યુક્ત વચન કહ્યા તે સમયે કરુણાથી કંપિત હૃદયે મેં (યશોધર રાજાએ) આ પ્રકારે કહ્યું :

અહો માતા! મહાપાપનું કારણ એવું પ્રાણીઓનું વધ કરવું કેવી રીતે ઉચિત છે? કેમ કે જીવહિંસા સમાન ન કોઈ પાપ થયું છે અને ન થશે. જે બીજા જીવનું અકલ્યાણ–બૂરું કરી પોતાની રક્ષા કરવા માગે છે તે અગ્નિથી શીતળતાની ચાહના કરે છે.

આ તો પ્રત્યક્ષ છે કે જે બીજાનું ભલું કરે છે તેનું ભલું થાય છે અને જે બીજાનું બૂરું કરે છે તેનું બૂરું થાય છે, તેનું ભલું ત્રણ કાળમાં પણ નથી થઈ શકતું. કારણ કે જીવવધમાં પ્રત્યક્ષ પાપ છે અને પાપનું ફળ દુઃખ છે, તો તેનાથી શાંતિ કેમ થાય? ક્યારે પણ ન થાય.

માતુશ્રી! જે જીવનો ઘાતક છે તે પેલા જીવથી અનેક પ્રકારે હણાય છે. આ પ્રકારે પાપરુપી નૌકામાં બેસીને વિઘ્નરૂપી નદી કેવી રીતે પાર કરી શકાય?

આ સિવાય એક વાત એ પણ છે કે જો જીવવધમાં જ ધર્મ હોય અને તેનાથી જ વિઘ્નોની શાંતિ થતી હોય તો પાપ ક્યા કાર્યમાં થશે?

આ વાતને બધા ધર્મવાળા માને છે અને આ વાક્ય કાયમ બોલવામાં આવે છે કે 'અહિંસા પરમો ધર્મઃ'. આ વાક્યથી વિરોધી કોઈ નથી તો પછી 'જીવવધમાં ધર્મ થાય' એવું કહેવાવાળું કોણ હોય?

માતા! પહેલાંના સમયમાં અસંખ્ય મહાપુરુષ કાળનો કોળિયો થઈને પરલોકવાસી થઈ ગયા; તો શું તે સમયે ચંડમારીદેવી ન હતી કે નૈવેદ્ય અને પશુઓના સમૂહ ન હતા? કે મદ્ય–માંસનું સરસ ભક્ષણ ન હતું? કે પછી આ વિધિનું કોઈ જાણકાર ન હતું કે જે ચંડમારીદેવીને પશુ તથા મદ્ય આદિની બલિ આપીને સંતુષ્ટ કરી મરણથી બચી જાય?

આનાથી આ નિશ્ચય થાય છે કે ચંડમારીદેવીમાં એવી શક્તિ નથી કે કોઈ જીવને કાળથી બચાવી શકે અને તેને શાંતિપ્રદાન કરી શકે.

**સંસારમાં જેટલા જીવ છે તે પોતપોતાનાં કર્મોને આધીન સુખ–દુઃખનો ભોગ કરે છે. કોઈ પણ કોઈને ઉપકાર નથી કરતું પણ શુભાશુભ કર્મ જ અપકાર અને ઉપકારના કર્તા થાય છે.**

રાજન્! આ પ્રકારે મારા વચનો સાંભળી માતા ફરી કહેવા લાગી :

પ્રિય પુત્ર! સમસ્ત જગતમાં ધર્મરૂપ વૃક્ષનું મૂળ વેદ છે. માટે વેદ દ્વારા જે માર્ગ સંપાદિત છે, રાજાઓએ તેના જ પથિક બનવું ઉચિત છે અને વેદમાં દેવતાઓને માટે પશુઓનો ઘાત કરવો પૂજનીય અને પ્રશંસનીય કહ્યો છે. એનાથી જ જીવવધ પુણ્ય માનવામાં આવે છે અને તે કરવાવાળા મહાપુરુષ સ્વર્ગના અધિકારી માનવામાં આવે છે.

જે પશુનો ઘાત કરે છે અને માંસનું ભક્ષણ કરે છે તે સ્વર્ગ અને મોક્ષ તરફ ગમન કરે છે. જેવું બ્રહ્માએ વર્ણન કર્યું છે તે જ પ્રકારે વિપુલમતિના ધારક સુરગુરુ તથા ભૈરવાચાર્ય પ્રતિપાદન કરે છે.

પ્રિય પુત્ર! ઉપર્યુક્ત કથનાનુસાર કુળદેવી ચંડમારીને માટે પશુઓનું બલિદાન આપી શાંતિની સ્થાપના કર. એ મહાદેવીની પાસે જીવોનું હવન કરવાથી તારા સમસ્ત શત્રુગણ ત્રાસયુક્ત થતા થકા તારા ચરણોમાં નમસ્કાર કરશે અને તારો યશ દિશાઓમાં વ્યાપી જશે.

રાજન્! મારી–યશોધરની–માતા ઉપરોક્ત ઉપદેશ આપીને જ્યારે મૌન થઈ ત્યારે મેં ફરી કહ્યું :

પ્રિય માતા! તેં જે કાંઈ પણ કહ્યું તે બધું સર્વથા અનુચિત અને મિથ્યા છે કેમ કે જે હિંસામાર્ગના પ્રરૂપક, હિંસાના પ્રણેતા અને હિંસાના ઉપદેશના શ્રોતા છે તે મહાઘોરતર પાપના કરવાવાળા મહાપાપી છે; અને જે પુરુષ તીક્ષ્ણ ખડ્ગની ધારથી પશુઓનો ઘાત કરે છે તે નિકૃષ્ટ અને પાપી છે.

જે પુરુષ દીન પશુઓને બંધનમાં નાખી ત્રાસ આપે છે, તેમને મારીને તેમના માંસનું ભક્ષણ કરે છે તથા મદ્યપાન કરી દેવતાની ભક્તિમાં લીન થઈને નૃત્ય કરે છે, ગીતો ગાય છે અને વાદિંત્રો વગાડે છે તે સાતેય નરકની ભૂમિમાં ઉત્પન્ન થઈને તાડન, મારણ, શૂલીરોહણ આદિ અસંખ્ય કષ્ટોના પાત્ર બને છે. જ્યારે ત્યાંથી બહાર નીકળી કોઈ હિંસક તિર્યંચ થઈને અતિરૌદ્ર દુઃખરૂપ કુયોનિઓમાં ભ્રમણ કરી કોઈ પુણ્યના યોગથી જો મનુષ્યપર્યાય ધારણ કરે તો ક્ષુધાવંત, મૂક, પંગુ, બહેરો, આંધળો, નિર્બળ, દીન, દરિદ્રી, દુઃખથી પીડિત, નપુંસક, શક્તિહીન, તેજરહિત, અવિવેકી, ગૌ આદિ પશુઓનો ઘાતક, ચાંડાલ, નીચકર્મથી આજીવિકા કરવાવાળો, હિંસક અને ક્રૂર પરિણામી થાય છે.

પછી મરીને સિંહ, શાર્દૂલ, માર્જાર આદિ પશુ તથા સર્પ, ગૃદ્ધ આદિ પક્ષીઓની યોનિમાં ભ્રમણ કરીને મહાવેદના ભોગવે છે. પશુઓનો વધ કરવાથી અને પરની હિંસાથી જ જો ધર્મ થતો હોય તો બહુગુણી અને મુનિઓને પાપી જીવ શું કામ નમસ્કાર કરે છે?

મંત્રસંસ્કારપૂર્વક તીક્ષ્ણ ખડગ્ની ધારથી પશુઓનો વધ કરો, દિશાઓમાં બલિ ચઢાવી

અગ્નિમાં હવન કરી મુંડન કરાવીને કષાયલા લાલ વસ્ત્ર ધારણ કરો, અનેક નદીઓમાં–સરોવરોમાં સ્નાન કરી શરીર પર રાખ લગાવો, મોટી જટા ધારણ કરો, ઇન્દ્રિયોનું દમન કરીને પંચાગ્નિ તપ તપો, ધૂમ્રપાન કરો, નગ્ન મુદ્રા ધારણ કરો, વન–પર્વત અને ગુફાઓમાં વાસ કરો, આતાપન–ચંદ્રાયણ અને શુદ્ધોદન આદિ વ્રતોનું ચિરકાળ માટે પાલન કરો, ઇત્યાદિ બીજા અનેક દુષ્કર તપોનું આચરણ કરો પરંતુ જીવદયા, વિના સમસ્ત નિષ્ફળ જ નહીં પરંતુ તેના ધારક ઘોર વેદનાયુક્ત નરકોના કષ્ટોને સહન કરી અનંત કાળ સુધી ભ્રમણ કરે છે.

**કરોડો શાસ્ત્રોનો સાર એક જ છે કે જે પાપ છે તે હિંસામાં છે અને જે ધર્મ છે તે જીવદયામાં છે.**

જે જીવ જીવોની હિંસા કરે છે તે અનેક જન્મોમાં અનેક રોગોથી ગ્રસિત થતો ખૂબ ભારને સહન કરવાવાળો થાય છે. જે પર જીવોને ત્રાસ આપે છે તે અનેક ભવોમાં અનેક દુઃખોનો ભોક્તા થાય છે.

હે માતા! હું પણ અમર તો નથી તો પછી આ શરીરને માટે પર જીવોનો ઘાત કઈ રીતે કરી શકાય? એમ કહીને તીક્ષ્ણ ખડ્ગ મ્યાનમાંથી કાઢી જ્યાં નિજ મસ્તકને કાપવા ગયો કે મારી માતાના હાહાકાર કરવાથી બાજુમાં બેઠેલા નર–રત્નોએ મારી તલવાર પકડી લીધી.

ત્યારબાદ વૃદ્ધ માતાએ મારા પગમાં પડીને કહ્યું કે હે પુત્રરત્ન! મેં વાસ્તવમાં અસત્ય કહ્યું છે. પરંતુ જીવ ચેતનતત્ત્વ ગુણ-વિશિષ્ટ છે અને શરીર અચેતન છે. આ કારણે શરીરનો ઘાત કરવાથી પૌદ્ગલિક શરીરને એવી ખબર નથી પડતી કે મને કાપવામાં આવે છે અથવા મારા શરીરમાં કોઈ પ્રકારની પીડા થાય છે. આ ઉપરાંત શરીરનો નાશ થવાથી નિત્ય આત્માનો નાશ નથી થતો.

તેથી હે પુત્ર! આપણી કુળપરંપરાથી ચાલ્યો આવેલો જે માર્ગ છે તેને સ્વીકાર કરવો જ સર્વથા ઉચિત છે. પગમાં પડેલી માતાએ આમ કહ્યું ત્યારે મેં–યશોધર મહારાજે કહ્યું કે હે માતા! આ કાર્યમાં જોકે અધર્મ જ છે છતાં તારી આજ્ઞાનું પાલન કરીશ. ત્યારબાદ તપશ્ચરણ ધારણ કરીશ. આ સાંભળી મારી માતા સહર્ષ ઊભી થઈ.

તત્પશ્ચાત્ લેપકારને બોલાવીને લોટનો કૂકડો લાવવાનો આદેશ આપ્યો. મારી માતાએ જ્યારે હાસ્ય પૂર્વક લેપકાર પાસે લોટનો કૂકડો મંગાવ્યો કે તરત જ તે ઉત્કૃષ્ટ વર્ણનો ધારક મુર્ગો લઈ આવ્યો. એ કૂકડાના રંગ–રૂપ જોઈને એમ જ લાગે કે આ લોટનો નહીં પણ સાચો જીવતો જ કૂકડો છે અને હમણા ચાલવા લાગશે. *(ક્રમશઃ)*

❀

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરી મધ્યે

ઘાટકોપરનિવાસી શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખિયા પરિવારના સૌજન્યથી

# સુવર્ણપુરી તીર્થધામના પ્રથમ આયતન શ્રી જૈન સ્વાધ્યાયમંદિરનો હીરક જયંતી મહોત્સવ

## ભવ્યાતીભવ્ય રીતે સંપન્ન

### ત્રિદિવસીય આયોજન અને અભૂતપૂર્વ ઉત્સાહ

તીર્થંકર ભગવાન મહાવીરના સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મ અતિશય ક્ષેત્ર સુવર્ણપુરી તીર્થધામના પ્રથમ આયતન શ્રી જૈન સ્વાધ્યાયમંદિરનો ૭૫મો ભક્તવૃંદ આનંદકારી હીરક જયંતી મહોત્સવ સુવર્ણપુરી સોનગઢમાં તા. ૧૫-૧૧-૧૨ થી તા. ૧૭-૧૧-૧૨ ત્રિદિવસીય મહોત્સવરૂપે, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમો સહિત પ્રચૂર આનંદોલ્લાસપૂર્વક ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

### ગુરુભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર કહાનગુરુ-ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ હીરકજયંતી મહોત્સવમાં સર્વે મુમુક્ષુ સમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ મહોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

### ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

હીરક જયંતી મહોત્સવના ધર્મમય આયોજનની પવિત્ર વેળાએ ભારતના વિવિધ પ્રાંતોમાંથી લગભગ ૩૦૦૦ થી અધિક ગુરુભકતો આવ્યા હતા. જેઓ ઉત્સવના આત્મહિતપોષક કાર્યક્રમોથી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

ભવ્ય બેનરો તથા વિવિધ સજાવટથી વિભૂષિત મનોહર મંડપમાં સવારે પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો તત્ત્વચર્ચા, સ્વાધ્યાયમંદિર સંકુલમાં ભક્તિ સાથે પ્રભાતફેરી, પરમાગમ મંદિરમાં ''શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાન'', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ 'સમયસાર' પરના સીડી પ્રવચનો, પ્રાસંગિક ગુરુભક્તિ તથા ધાર્મિક શિક્ષણવર્ગ યોજાતો હતો. બપોરે ગુરુભક્ત વિદ્વાનો દ્વારા શાસ્ત્રવાંચન, જિનેન્દ્ર ભક્તિ, સાંજે પરમાગમમંદિરમાં સાંજી ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાવેલ નાટિકા ''શ્રી જૈન સ્વાધ્યાયમંદિર''નો સાંસ્કૃતિક કાર્યક્રમ સુચારુરૂપે ચાલતો હતો. દરેક કાર્યક્રમો વખતે મંદિર અને મંડપ પૂરાં ભરાઈ જતાં હતાં.

**ઉત્સવના મુખ્ય દિવસનો કાર્યક્રમ**

ઉત્સવના મુખ્ય દિવસ તા. ૧૭-૧૧-૨૦૧૨ને શનિવારના રોજ પરમાગમમંદિરમાં શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાનના સમાપન બાદ ભક્તો મોટી સંખ્યામાં પૂજ્ય ગુરુદેવશ્રીને (પ્રતિકૃતિ) તેડવા માટે સ્ટાર ઑફ ઇન્ડિયા ગયા હતા. ત્યાંથી ભક્તિ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીને સ્ટાર ઑફ ઇન્ડિયાથી સ્વાધ્યાયમંદિર લઈ જવા માટે ભવ્ય પ્રસ્થાન કરવામાં આવ્યું. રસ્તામાં લાઠીના ઉતારેથી પૂજ્ય બહેનશ્રી ચાંદીના થાળમાં સમયસાર લઈને(પ્રતિકૃતિ) હજારો બહેનો સાથે આ શોભાયાત્રામાં જોડાયાં. ભક્તોએ આ શોભાયાત્રામાં ૭૫ વર્ષ પહેલાંની વેશભૂષા અંગીકાર કરી હતી. જેથી ૭૫ વર્ષ પૂર્વ પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વાધ્યાયમંદિરમાં પધારવા માટે લેવા જવાના એ મંગળ પ્રસંગની યાદ તાજી થઈ હતી. જાણે પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી સાક્ષાત્ પધારી રહ્યા હોય તેવો ભાવ અનુભવાતો હતો. સમગ્ર રસ્તા ઉપર બહેનો દ્વારા અત્યંત ઉલ્લાસપૂર્વક વિવિધ રંગોળીની સજાવટ કરવામાં આવી હતી તથા સ્વાધ્યાયમંદિર કમ્પાઉન્ડમાં અત્યંત સુંદર કમાનો બનાવવામાં આવી હતી, જેમાંથી પસાર થઈ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીએ સ્વાધ્યાયમંદિરમાં પદાર્પણ કર્યું. સ્વાધ્યાયમંદિરમાં સમયસાર પરમાગમની પુનઃસ્થાપના કરવામાં આવી. ત્યારબાદ મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન રાખવામાં આવ્યું.

પ્રવચન બાદ સ્વાધ્યાયમંદિરની ઉત્તર તથા દક્ષિણ બાજુએ સુવર્ણમયી ધ્વજાઓનું ધ્વજારોહણ કરવામાં આવ્યું. દક્ષિણ તરફની ધ્વજાનો લાભ શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર હસ્તે નેમિષભાઈ, કેતનભાઈને પ્રાપ્ત થયો તથા ઉત્તર તરફની ધ્વજાનો લાભ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર, ચેન્નાઈ હસ્તે ભરતભાઈને પ્રાપ્ત થયો હતો.

ત્યારબાદ સ્વાધ્યાયમંદિરમાં ૐકાર શીલાપટ તથા સ્વસ્તિક શિલાપટનું અનાવરણ કરવામાં આવ્યું તેનો લાભ ૐકાર શિલાપટના અનાવરણનો લાભ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર હસ્તે ભરતભાઈને તથા સ્વસ્તિક શિલાપટના અનાવરણનો લાભ શ્રી ધીરજબેન બાબુલાલ શાહ પરિવાર હસ્તે અનિલભાઈ તથા જિનેન્દ્રભાઈને પ્રાપ્ત થયો. સ્વાધ્યાયમંદિરમાં અંકિત સાત ચિત્રપટો તથા શાસ્ત્રોક્ત ચાકડાઓના અનાવરણનો લાભ વિવિધ મુમુક્ષુઓને પ્રાપ્ત થયો હતો ત્યારબાદ સ્વાધ્યાયમંદિરમાં પ્રતિષ્ઠિત સમયસારનાં મંગલ વધામણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેનો સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉત્સાહથી લાભ લીધો.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરનાં શાસ્ત્ર વાંચન શ્રી રાજુભાઈ કામદાર, ડૉ. પ્રવીણભાઈ દોશી, નિરંજનભાઈ સુરત તથા ધાર્મિક શિક્ષણવર્ગોમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) અતુલભાઈ કામદાર (હૈદ્રાબાદ) દ્વારા ગુરુમહિમાપૂર્ણ અધ્યાપન કાર્ય કરાયું હતું તથા બહેનોમાં બ્ર. આશાબેને શિક્ષણ આપ્યું હતું.

સમગ્રતયા આ કાર્યક્રમ મુમુક્ષુઓને આત્માર્થપ્રેરક, મધુરા સંસ્મરણો જાગ્રત કરનાર આત્મઉત્સાહવર્ધક તથા યાદગાર લાગ્યો હતો.

**શાસ્ત્ર પ્રકાશન :**

**શ્રી પ્રવચનસાર(હિન્દી) તથા શ્રી મોક્ષશાસ્ત્ર અર્થાત્ તત્ત્વાર્થસૂત્ર(ગુજરાતી) છપાઈને આવી ગયેલ છે.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો બે દિવસનો ઉત્સવ માગશર વદ-૭ તા. ૪-૧-૧૩ શુક્રવારથી માગશર વદ ૮ તા. ૫-૧-૧૩ શનિવાર, ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે. તો બધા મુમુક્ષુઓને સુવર્ણપુરી સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

## વૈરાગ્ય સમાચાર :–

મુંબઈ(દાદર)નિવાસી શ્રી નરેન્દ્રભાઈ સારાભાઈ શાહ (વર્ષ-૭૬) તા. ૧૯-૯-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૬૦ વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વોપદેશનો લાભ લેતા હતા. પર્યુષણના પ્રથમ દિવસે સવારે જિનેન્દ્ર-અભિષેક, પૂજન, પ્રવચન, ક્લાસ, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન, જિનેન્દ્ર-ભક્તિ, ક્લાસ, તત્ત્વચર્ચા આદિ બધો જ લાભ લઈને સાંજના પ્રતિક્રમણમાં 'અપૂર્વ અવસર' ગાવાની ભાવેલી ભાવના પૂરી કરે તે પહેલાં હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈ(મલાડ)નિવાસી શ્રી મનીષકુમાર જશવંતલાલ શાહ (—તે શ્રી બિપિનભાઈ હરિલાલ ટોળિયાના જમાઈ) (વર્ષ-૪૦) સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી (હાલ-રાજકોટ) શ્રી રોહિતભાઈ છબીલદાસ વારીયા(—તે શ્રી સુંદરજીભાઈ વીરજીભાઈ વારીયાના પૌત્ર) (વર્ષ-૬૭) તા. ૪-૧૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને જન્મથી જ ધર્મનો સુયોગ પ્રાપ્ત થયો હતો.

સોનગઢનિવાસી (હાલ-મલાડ-મુંબઈ) અ.સૌ. વિલાસબેન વસંતલાલ જોબાળિયા (વર્ષ-૭૮) (—તે શ્રી બ્ર. ચંદુભાઈના ભાભી) તા. ૮-૧૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાની ઉંમરથી જ તેમને સોનગઢ રહેવાનો લાભ મળ્યો હતો. મલાડમાં દરેક ધાર્મિક કાર્યક્રમોમાં સક્રિયપણે લાભ લેતા હતા.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

✻ ખરેખર તો રાગથી વિરક્તિ (ભિન્નતા) એને શીલ કહેવાય છે. આવું શીલ નરકમાં પણ વેદનાને ગણતું નથી. આ તો બહુ ધીરજથી સમજવા જેવું છે, જેમ દરિયાના પાણી સળી વડે ઉલેચવા હોય તો કેટલી ધીરજ જોઈએ! ૬૩૦.

✻ દેવ-શાસ્ત્ર-ગુરુ પણ તારા માટે પર છે; તેના આશ્રયે—લક્ષે પણ આત્મા પ્રાપ્ત થતો નથી; માટે તેનું લક્ષ છોડી દે. અંતરમાં જ્ઞાનાનંદનો પિંડ પ્રભુ આત્મા બિરાજે છે તેનું લક્ષ કર, તે એકને જ ગ્રહણ કર. તારા પરિણામને ત્યાં અંદર લઈ જા, તેથી તને પર્યાયમાં જ્ઞાનાનંદની પ્રાપ્તિ થશે. ૬૩૧.

✻ અંતરમાં શુભાશુભ ભાવ તેમ જ અન્ય પર્યાય ઉપરથી પરિણામ હઠાવી તેને અંદર સ્વભાવના મહેલમાં જ્યાં ભગવાન આત્મા બિરાજે છે ત્યાં લગાડ. રાગ તો આંધળો છે, એમાં ભગવાન નથી, પણ પર્યાય જે નિજ વસ્તુનો જ એક અંશ છે તેમાં પણ આખો ભગવાન નથી. ત્રિકાળી જ્ઞાયકમાં—જાગૃત સ્વભાવમાં—ભગવાન આત્મા છે, તેમાં નિવાસ કર; ત્યાં જા. ૬૩૨.

✻ કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા પણ એના ટીકાકાર પોકાર કરે છે, ટીકાકાર કહે છે કે અરે! અમે જેને કીધું એ શ્રોતા આ પોકાર કરે છે કે અમે મોહને મૂળથી ઊખેડી નાખ્યો હોવાથી મોહનો અંકુર પણ હવે ફરીથી ઉત્પન્ન થવાનો નથી. આહાહા! શ્રોતા ક્યાં ભગવાન પાસે ગયો છે?—કે એ નિજ ભગવાન પાસે ગયો છે ને! તેથી પડવાની વાત મારે માટે નથી. શાસ્ત્રમાં પડવાની વાત આવે છે પણ એ તો જાણવા માટે છે, મારા માટે એ વાત નથી. આહાહા! જેણે શુદ્ધ દ્રવ્યનો આશ્રય લીધો ને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા તેને પડવાની વાત હવે નથી! ૬૩૩.

✻ જ્ઞાનીને જે રાગદ્વેષ થતાં દેખાય છે તેને જ્ઞાની કરતો નથી પણ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને પુણ્ય-પાપના પરિણામને કરે છે. જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને કરે છે તેમ જ્ઞાની ધર્માત્માને દેખાતા—થતા ભક્તિ, પૂજા, વ્રત, તપ આદિ રાગના પરિણામમાં પુદ્ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને રાગાદિ પરિણામને કરે છે. રાગાદિ પરિણામને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી રાગાદિમાં ધર્મી જીવ વ્યાપક થઈને કર્તા થતો નથી. આહાહા! જ્ઞાનીની અંતરદશા અદ્ભુત છે. ૬૩૪.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૨
અંક-૪ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**